Extra No. 317

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 8, 2025 / BHADRA 17, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક. સીસીઈ-૪૦-૬૮૭-૨૦૨૫-(૪)-ઈએક્સ-૨ તા.૦૫/૦૯/૨૦૨૫

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ-૧૬૩

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાક.અમએજી(૧)/વશી/ ૧૦૯૦૦ થી ૧૦૯૬૬/૨૦૨૫.-સંદર્ભ ૧ના પત્રના પેરા - ૧ની વિગતોએ પાટણ જિલ્લામાં ગુજરાત જાહેરસેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગના જાહેરાત ક્રમાંક ૧૨૭/૨૦૨૪-૨૫ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) અને જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૫-૨૬, નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટે પાટણ જિલ્લામાં જુદા - જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર પ્રિલિમિનરી પરીક્ષાના બિલ્ડીંગની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં માઈક / લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી ન આપવા માટે જાહેરનામું બહાર પાડવા સારૂ અત્રે સુચન કરેલ છે. જે અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગના જાહેરાત ક્રમાંક ૧૨૭/૨૦૨૪-૨૫ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી) અને જાહેરાત ક્રમાંક ૦૮/૨૦૨૫-૨૬, નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષા દરમિયાન પાટણ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ / સંસ્થાને પરીક્ષા સમય દરમિયાન માઈક / લાઉડ સ્પીકર વગડવા/વગાડવાની મંજુરી આપવી નહી.

અપવાદ :- આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) પરીક્ષા કેન્દ્ર જે શાળાના કેમ્પસ / બિલ્ડિંગમાં આવેલ છે તે શાળામાં સદર પરીક્ષા સંબંધિત સુચનાઓ /જાહેરાત કરવા રોકાયેલ સ્ટાફના માણસો.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે. તમામને વ્યક્તિગ રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

પરીક્ષા કેન્દ્રોની યાદી (જિલ્લો - પાટણ)		
ક્રમ	**પેટા કેન્દ્ર(શાળા/કોલેજનું નામ)**	**પેટાકેન્દ્રનું સરનામું**
1	32040-EKLAVYA SCHOOL OF SCIENCE	AT POST PATAN, NOOTAN SOCIETY, PATAN-SIDHDHAPUR ROAD, PATAN
2	1615-SHETH BM HIGH SCHOOL	AT POST PATAN, GUNGALI ROAD. OPP PRAGATI MEDAN, PATAN CITY, DIST-PATAN
3	1616-SHETH V K BHULA HIGH SCHOOL	NEAR RAILWAY STATION, PATAN, DIST-PATAN
4	61280-ADARSH VIDHYALAYA UNIT-1 PATAN	RAJ MAHEL ROAD PATAN
5	61281-ADARSH VIDHYALAYA UNIT-2 PATAN	RAJ MAHEL ROAD PATAN
6	1601SHRI B D SARVAJANIK VIDHYALAYA	RANKIVAV ROAD, FATIPAL DARWAJA BAHAR, PATAN
7	65581SHREE B.D.S.COLLEGE PATAN	B.K.SALVI CAMPUS, FATIPAL DARWAJA, PATAN
8	65583-P.P.G EXPERIMENTAL HIGH SCHOOL UNIT-1	RAJ MAHEL ROAD, NGES COLLEGE CAMPUS, PATAN, DIST-PATAN
9	65584-P.P.G EXPERIMENTAL HIGH SCHOOL UNIT-2	RAJ MAHEL ROAD, NGES COLLEGE CAMPUS, PATAN, DIST-PATAN
10	43444-SHETH MN HIGH SCHOOL	KALKA ROAD, NEAR RANGILA HANUMAN TEMPLE. KANASADA DARWAJA, PATAN
11	32020-ASHISH VIDHYALAYA	TANKWADA CHAR RASTA, JUNA POWER HOUSE. NEAR BUKADI, NILAM CINEMA, PATAN CITY, DIST -PATAN
12	32051GOVERNMENT SMT K K GIRLS HIGH SCHOOL	NEAR BHADRA DUTT MANDIR, BHADRA ROAD, PATAN

બિડાણ :-પરીક્ષા કેન્દ્રોની યાદી

આજ રોજ તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી. સી. બોડાણા GAS
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:04:49 IST